# જગદીશ

— યશવન્ત મહેતા



એક હતા ન્યાયાધીશ. એમનું નામ ભગવાનબાબુ. તેઓ બંગાળના ફરીદપુર જિલ્લાના ડૅપ્યુટી મૅજિસ્ટ્રેટ હતા. ન્યાય આપવામાં જેવા નિષ્પક્ષ હતા એવા જ સાહસિક પણ હતા. ઘણી વાર તો ડાકુઓ, ધાડપાડુઓ અને બહારવટિયાઓ સામે એકલે હાથે ઝઝૂમતા. એક વેળા એમના જીવના જોખમે એક ડાકુ સરદારને પકડેલો અને કેદ કરેલો. પરંતુ ભગવાનબાબુની ન્યાયબુદ્ધિમાં એ ડાકુને એટલો બધો વિશ્વાસ હતો કે એ જેલમાંથી છૂટ્યા પછી ભગવાનબાબુને ઘેર આવ્યો અને એણે કશીક નોકરી આપવાની માગણી કરી !

ભયંકર ડાકુ હતો. પોતે જ એને પકડીને કેદમાં પૂરેલો. એનો વિશ્વાસ કોણ કરે ? છતાં ભગવાનબાબુની હિંમત અજબ હતી. માનવી હંમેશાં મૂળે સારો જ હોય છે પણ સંજોગો એને ખરાબ બનાવે છે, એવું તેઓ માનતા હતા. આથી એમણે તો આ ડાકુ સરદારને પોતાને ત્યાં નોકરી આપી. એટલું જ નહિ, પોતાના ચાર વરસના દીકરા જગદીશને નજીકની નિશાળે લાવવા-લઈ

જવાની કામગીરી એને સોંપી. પોતાના લાડલા દીકરાના પ્રાણ એક ખૂંખાર ડાકુના હાથમાં સોંપનાર ભગવાનબાબુની હિંમત કેવી ગજબની કહેવાય એ તમે સહેલાઈથી સમજી શકશો.

ભગવાનબાબુનો આ જગદીશ તે જ આપણા દેશના પ્રખર વિજ્ઞાની સર જગદીશચંદ્ર બસુ. તેમનો જન્મ ઈ.સ. ૧૮૫૮ની ૩૦મી નવેમ્બરે બંગાળના વિક્રમપુર જિલ્લાના રાઢિયાલ ગામે થયો હતો.

નાનકડો જગદીશ તો પેલા ડાકુને ખભે બેસીને નજીકના ગામની નિશાળે જાય. રસ્તામાં પેલો ડાકુ ઘણી વાતો કરે. લૂંટફાટની, મારામારીની, બહાદુરીની એ વાતો. નાના જગદીશને મનમાં થઈ આવે કે હુંય મોટો થઈને કોઈ મોટો લડવૈયો બનીશ.

નાનપણમાં એ ઘણી રામલીલાઓ પણ જોતો. એમાં દાનેશ્વરી કર્ણ, સત્યવાદી હરિશ્ચંદ્ર, ઋષિ દધીચિ, સમ્રાટ અશોક જેવાનાં નાટક ભજવાય. જગદીશ કર્ણ અને અશોક જેવો બનવાની કલ્પના કરે.

જગદીશ રાઢિયાલ પાસેની જે નિશાળમાં ભણતો ત્યાં ગામડાગામના ગરીબોનો એને પરિચય થયો. માછીમારો અને ગરીબ મુસ્લિમોનાં છોકરાં અહીં ભણતા. જગદીશને બાળપણથી જ આ ગરીબો તરફ મમતા જાગી. ઘણીવાર એ મોટો અમલદાર થઈને આ સૌની ગરીબી દૂર કરવાની કલ્પનાઓ પણ કરતો.

પરંતુ નવ વરસની ઉંમરે જગદીશને કલકત્તાની અંગ્રેજી નિશાળમાં મૂકવામાં આવ્યો અને વળી એનું જીવન બદલાઈ ગયું. ગામડામાં તો એ પશુ-પંખીઓ, જીવજંતુઓ અને માછલીઓ અને ગરીબ છોકરાઓના પરિચયમાં આવતો. અહીં મોટે ભાગે અંગ્રેજ છોકરાઓ એની સાથે ભણતા. એમણે ગામડિયા જગદીશને ચીડવવા માંડ્યો.

જગદીશને ઘણું માઠું લાગતું. પોતે ગામડાનો છે તેથી શું થઈ ગયું ? ભણવામાં તો બીજાઓથી આગળ હતો. પણ અંગ્રેજ છોકરા આવું કાંઈ સમજે નહિ. એમાંય એક છોકરો તો વર્ગમાં મોટો 'દાદો' ગણાતો. એ તો જગદીશની પાછળ જ પડી ગયેલો. 'ગામડિયો' કહીને એને ખીજવ્યા કરે. આખરે એક દિવસ જગદીશને એટલી ચીડ ચડી ગઈ કે એણે આ મોટા છોકરાને પછાડી દીધો ! ગમે તેમ તોય એણે ગામડાનાં ઘી-દૂધ ખાધાં હતાં. અંગ્રેજ છોકરો તો બિચારો ચિત થઈ ગયો ! એને જગદીશે એવો માર માર્યો કે પછી ફરી કદી એણે ચૂં કે ચાં ન કરી ! બીજા છોકરાઓ પણ જગદીશથી ડરવા લાગ્યા.

જગદીશને પહેલેથી જ આ અંગ્રેજી અને અમલદારી છોકરાઓ સાથે હળવું-ભળવું ગમતું નહિ. એ બધા એને હલકો માનતા હતા ખરા ને ! આને પરિણામે જગદીશ સાવ એકલો પણ પડી જતો. રમવા માટે અને હરવાફરવા માટે તથા નવરાશની વેળાએ વાતો કરવા માટે એને કોઈ સાથીદારો નહોતા.

એક રીતે આ સારું જ થયું, કારણ કે એને પરિણામે જગદીશ ગંભીર પુસ્તકો વાંચતો થયો અને એકલા બેઠાં નાનામોટા પ્રયોગો કરતો થયો. આને પરિણામે એનામાં વૈજ્ઞાનિક બુદ્ધિ વિકસી. એ દિવસોમાં જગદીશ પોતાની એકલતા ટાળવા માટે કલકત્તાના બજારમાંથી એક ઘેટું, એક કબૂતર અને એક સસલું વેચાતાં લઈ આવ્યો. આ પ્રાણીઓની સારસંભાળ રાખવી, એમને માટે ઘર બનાવવું, એમના ઘાસચારાની જોગવાઈ કરવી વગેરે કામોમાં જગદીશનો નવરાશનો વખત વીતી જતો. એણે એ પશુ-પંખીઓ માટે રમકડાના પુલ અને નાનકડા બગીચાની પણ રચના કરેલી.

પ્રયોગો કરવાની એની તમન્ના કેવી જોરદાર હતી એનો એક નમૂનો એની તોપ ગણાય.

દસેક વરસની ઉંમરે ઘરનાં ભંગાર વાસણો ગળાવીને એણે પિત્તળની એક નાનીશી તોપ બનાવડાવી હતી. ગામના કંસારાને આ તોપ માટેની ડિઝાઈન એણે જાતે આપેલી. જગદીશ આખો દિવસ આ તોપ લઈને રમ્યા કરતો.

સોળ વરસની ઉંમરે શાળાનો અભ્યાસ પૂરો કરીને જગદીશ કલકત્તાની કૉલેજમાં બેઠો. ત્યાં બી.એ. થયા પછી વિલાયત ગયો. ત્યાં પહેલાં તો તબીબી વિદ્યા શીખવાનો એનો વિચાર હતો, પરંતુ પોતાની તબિયત સારી ન રહી. દેશમાંથી જ તાવ લઈને ગયા હતા. એ કદી સાજા થયા જ નહિ. એમણે વિચાર્યું કે જ્યાં હું પોતે જ સાજો નથી રહેતો ત્યાં વળી તબીબી વિદ્યા શીખીને કોને સાજા કરીશ ? એટલે એમણે ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનનો અભ્યાસ કર્યો.

પચીસ વરસે તેઓ એમ.એસસી. થઈને દેશમાં આવ્યા. તે પછી તો આખું જીવન વિજ્ઞાનના શિક્ષણ અને પ્રયોગોમાં ગાળ્યું. વનસ્પતિમાં પણ જીવ છે. એવી એમની શોધ બહુ જાણીતી છે. પ્રકાશ વિશે પણ કેટલીક શોધો કરેલી. ઈ.સ. ૧૯૩૭માં એમનું ઍંસી વરસની ઉંમરે અવસાન થયું ત્યાં સુધીમાં તેઓ ભારતના એક મહાન વિજ્ઞાની તરીકે નામના પામી ચૂક્યા હતા.